# BS202AE21

## ગુજરાત નર્સિંગ કાઉન્સિલ

## ઓકઝીલરી નર્સ મીડવાઈફ (બીજુ વર્ષ)

## <u>હેલ્થ સેન્ટર મેનેજમેન્ટ</u>

તારીખઃ ૧૪/૦૯/૨૦૨૧ — માર્કસઃ ૭૫

સમયઃ ૦૨:૦૦ થી ૦૪:૦૦ — વિદ્યાર્થીનો નંબરઃ _______

નોંધઃ

– અક્ષર સ્વચ્છ અને સુઘડ રાખવા.
– જમણી બાજુના આંક માર્કસ દર્શાવે છે.
– જરૂર લાગે ત્યાં આકૃતિ દોરવી.

**પ્રશ્ન–૧ નીચેના પ્રશ્નોના જવાબ લખો.**

(૧) ૬૦૦૦ ની વસ્તીવાળા સબસેન્ટર પર બર્થ રેટ ૨૫ છે તો આ સેન્ટરમાં ૦ થી ૧ વર્ષના બાળકને વેકસીન તથા વિટામીન–એ ની જરૂરીયાતના અંદાજની ગણતરી કરી ઈન્ડેન્ટ બનાવવું. **૧૦**

(૨) ગુજરાત રાજયમાં ચાલતા જુદા–જુદા આરોગ્યના પ્રોગ્રામની યાદી બનાવી રાષ્ટ્રીય ટી.બી કંટ્રોલ પ્રોગ્રામમાં એ.એન.એમ ની જવાબદારીઓ વર્ણવો.

**૧૦**

**અથવા**

(૧) તમારી પ્રથમ નિમણૂક રાજૂપુરા સબસેન્ટર ખાતે થઈ છે તો તમારી એ.એન.એમ તરીકેની ફરજોનું વર્ણન કરો. **૧૦**

(૨) કાર્ય આયોજન એટલે શું? કાર્ય આયોજનના પગથિયા સવિસ્તાર જણાવો. **૧૦**

**પ્રશ્ન–૨ ટુંક નોંધ લખો. (ગમે તે પાંચ)** **૫x૫=૨૫**

(૧) દવા અને સાધનોની વ્યવસ્થામાં એ.એન.એમ ની જવાબદારીઓ
(૨) પી.એચ.સી પર લેબર રૂમની સંભાળ
(૩) એન.જી.ઓ(NGO)ની ભૂમિકા
(૪) કોલ્ડચેઈન
(૫) રેકોર્ડ રાખવાના હેતુઓ
(૬) નર્સિંગ ઈન્ટરવ્યુ આપવા જતા પહેલા ધ્યાનમાં રાખવાની બાબતો
(૭) JSSK
(૮) કોમ્યુનિકશન

**પ્રશ્ન–૩ (અ) નીચેના માંથી સાચો જવાબ લખો.** **૧૦**

(૧) સબસેન્ટરમાંથી દર્દીને રીફર કરવું
(અ) પી.એચ.સી પર (બ) જીલ્લા કક્ષાએ (ક) તાલુકા કક્ષાએ (ડ) સેન્ટ્રલ કક્ષાએ

(૨) ૩ વર્ષથી નાની વયના બાળકોની સંખ્યા કુલ વસ્તીના અંદાજે
(અ) ૧૨% હોય છે (બ) ૧૫% હોય છે (ક) ૧૦૦% હોય છે (ડ) ૮% હોય છે

(૩) ૧ સેશનનું આયોજન કરી શકાય જો
(અ) ૨૫ થી વધુ ઈન્જેકશન (બ) ૨૦ થી ઓછા ઈન્જેકશન (ક) ૫૦ થી વધુ ઈન્જેકશન (ડ) એક પણ નહિ

(૪) વેકશીનેશન વેસ્ટેજ ફેકટર ગણવામાં આવે છે
(અ) ૧.૨૦ (બ) ૧.૨૫ (ક) ૧.૪૦ (ડ) ૧.૩૩

(૫) સબસેન્ટર કક્ષાએ કયું અને પ્રગતિ અહેવાલ લખવાનો હોય છે.
(અ) ફોર્મ નં–૭ અને ૮ (બ) ફોર્મ નં–૧ અને ૬ (ક) ફોર્મ નં–૩ અને ૫ (ડ) ફોર્મ નં–૪ અને ૮

(૬) કયાં રોગની નાબુદી થઈ ચુકી છે.
(અ) મેલેરીયા (બ) ડાયાબિટીસ (ક) કેન્સર (ડ) એકપણ નહિ

(૭) ૦ થી ૫ વર્ષના બાળકોને ૧ વર્ષમાં ન્યુમોનિયા કેટલીવાર થવાની સંભાવના છે.
(અ) ૪ વખત (બ) ૫ વખત (ક) ૩ વખત (ડ) ૧૦ વખત

(૮) મેળવેલી માહિતી ગત વર્ષ કરતા કેટલા ટકા વધારે હોય તો ફરી સર્વે કરવો પડે છે.
(અ) ૨૫% થી વધારે (બ) ૦૫% થી વધારે (ક) ૬૫% થી વધારે (ડ) ૪૦% થી વધારે

(૯) MIES નો એક હેતુ શું અટકાવવાનો છે.
(અ) માહિતીનું ડુપ્લીકેશન (બ) ખોટી માહિતી (ક) માહિતીનું પૃથ્થકરણ (ડ) અ અને બ

(૧૦) એનિમિક મધરને આયર્ન ફોલિકની ગોળીઓ આપવામાં આવે છે.
(અ) ૧૦૦ ગોળી (બ) ૫૦ ગોળી (ક) ૨૦૦ ગોળી (ડ) ૩૦ ગોળી

**(બ) ખાલી જગ્યા પુરો.** **૧૦**

(૧) વિશ્વ એઈડ્સ દિવસ______________ના દિવસે ઉજવવામાં આવે છે.
(૨) એક ફિમેલ હેલ્થ સુપરવાઈઝર______________ સબ સેન્ટરનું સુપરવિઝન કરે છે.
(૩) RCH પ્રોગ્રામની શરૂઆત ______________ સાલમાં થઈ હતી.
(૪) WHO નું હેડ કવોર્ટર ______________ શહેરમાં આવેલું છે.
(૫) એકશન પ્લાન સામાન્ય રીતે વર્ષમાં ______________ વખત બનાવવામાં આવે છે.
(૬) વર્ષા ઋતુ દરમ્યાન______________સપ્તાહ ઉજવવમાં આવે છે.
(૭) આશાવર્કરની શરૂઆત ______________ રાજયમાં થઈ હતી.
(૮) આશાને ______________ દિવસ સુધી તાલીમ આપવામાં આવે છે.
(૯) પ્રાથમિક આરોગ્ય કેન્દ્રની ભલામણ ______________ કમિટિ દ્વારા કરવામાં આવી.
(૧૦) જોખમી સગર્ભામાતાની સંખ્યા અંદાજે______________ હોય છે.

**(ક) નીચેના વિધાનો ખરા છે કે ખોટા તે જણાવો.** **૧૦**

(૧) લોકોની તંદુરસ્તીમાં વધારો કરવા માટે આપવામાં આવતી સારવારને પ્રમોટીવ કેર કહેવામાં આવે છે.
(૨) પી.એચ.સી પર સંશોધન કાર્ય કરવામાં આવે છે.
(૩) આરોગ્ય ક્ષેત્રે મેળવેલ સિધ્ધિઓનું મૂલ્યાંકન કરવા માટે આંકડાકીય માહિતી ખૂબ જ અગત્યની છે.
(૪) ASHA ની નિમણૂંક બાદ IMR અને MMR માં ઘટાડો લાવી શકાયો છે.
(૫) ચાલુ વર્ષની કામગીરીને અગાઉના વર્ષની કામગીરી સાથે સરખાવતા ૫% થી નીચો વધારો નીચો અંદાજ સુચવેલ અને ૨૫% થી વધુ વધારો વધુ અંદાજ સુચવે તો ચાલુ વર્ષની આકરણી ખોટી છે.
(૬) એનીમિયાવાળી સગર્ભામાતાની સંખ્યા અંદાજે ૧૫% જેટલી છે.
(૭) MCH Clinic એટલે મમતા કિલનીક.
(૮) દર વર્ષે એપ્રિલની ૧૦ તારીખ સુધીમાં વાર્ષિક આયોજન તૈયાર કરી પી.એચ.સી પર મોકલવામાં આવે છે.
(૯) રેકોર્ડ અને ફાઈલોને ક,ખ,ગ,ઘ ..પ્રમાણે ગોઠવવી જોઈએ.
(૧૦) રેકોર્ડનો નાશ કરવા માટે અધિકારીની પરવાનગી લેવાની જરૂર નથી.

-----------------------------xxxxxxxxxxxxxxxxxxxxxxxxxxxxxx-----------------------------